ખૂબ જ અગત્યનું

# સંશોધન નિયામકશ્રીની કચેરી,
# આણંદ કૃષિ યુનિવર્સિટી,
# આણંદ

વંચાણે લીધો : (૧) હિસાબ નિયામકશ્રી, આ.કૃ.યુ., આણંદના અંગ્રેજી ઓફિસ ઓર્ડર જા.નં. એએયુ/કોમ્પ્ટ/બીજીટી/પ્લાન એલોકેશન/૪૦૧-૪૫૦/૧૫, તા.૬-૫-૨૦૧૫

(૨) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/સંનિ/અયન-૨/૧૧૯૯-૧૨૦૦/૧૫, તા. ૧૨/૫/૨૦૧૫

(૩) અત્રેની કચેરીના પત્ર જા.નં. આકૃયુ/સંનિ/અયન-૨/૧૨૯૪-૯૫/૧૫, તા. ૧૩/૫/૨૦૧૫

**વિષય :** **વર્ષ ૨૦૧૫-૧૬માં આયોજીત યોજનામાં કરવામાં આવેલ જોગવાઇ મુજબ ત્રિમાસિક સમભાગે ખર્ચ કરવા બાબત....**

## પ રિ પ ત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના આયોજીત યોજનાઓના વડાશ્રીઓને જણાવવાનું કે, આયોજીત યોજના હેઠળ વર્ષ ૨૦૧૫-૧૬માં ચાલુ કાર્યક્રમોમાં હિસાબ નિયામકશ્રી ધ્વારા સંદર્ભ- ૧ ના કાર્યાલય આદેશથી પગાર-ભથ્થા, રીકરીંગ તથા નોન-રીકરીંગ સદરે મંજુર થયેલ જોગવાઇ મુજબ ગ્રાન્ટ ફાળવણીના હુકમ કરવામાં આવેલ છે. આયોજન સદરે પગાર-ભથ્થા, રીકરીંગ તથા નોન-રીકરીંગ સદરે કરવામાં આવેલ જોગવાઇ પૂરા વર્ષ માટેની હોઇ, તેને ધ્યાને લઇને, વર્ષ દરમ્યાન ત્રિમાસિક સમભાગે ખર્ચ થાય તેવું આયોજન હાથ ધરવું. આયોજીત યોજનામાં વર્ષ દરમ્યાન ત્રિમાસિક સમભાગે જોગવાઇ મુજબ ખર્ચ નહીં થાય અને સરકારશ્રી તરફથી જોગવાઇમાં કાપ મુકવામાં આવશે અને તેના કારણે યોજનાની પ્રગતિમાં અસર પડશે, તો તેની જવાબદારી જે તે યોજનાના વડાશ્રીઓની રહેશે.

વધુમાં વર્ષ ૨૦૧૫-૧૬ માં આયોજીત યોજના સદરે મંજુર થયેલ નોન-રીકરીંગ સાધનોની યાદી સંદર્ભ (૨) અને (૩) ના પત્રથી યોજનાનાં નિયંત્રણ અધિકારીશ્રીઓને મોકલી આપેલ છે. જેની ખરીદી નિયમોનુસાર સમય મર્યાદામાં પૂર્ણ કરવી.

જા.નં. : આકૃયુ/સંનિ/અયન-૨/ ૨૩૮૬ /૧૫,
તા. ૧૪ /૫/ ૨૦૧૫

(સહી)
સંશોધન નિયામક અને
અનુસ્નાતક વિદ્યાશાખાધ્યક્ષ

**નકલ સવિનય રવાના :**

(૧) આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિવર્સિટી અધિકારીશ્રીઓ તરફ જાણ સારૂ

(૨) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ સારૂ

(૩) આયોજીત યોજનાઓના નિયંત્રણ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા યોગ્ય કાર્યવાહી કરવા સારૂ.

**નકલ રવાના :**

મા. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આ.કૃ.યુ., આણંદ તરફ જાણ સારૂ